# First I2U2 (India-Israel-UAE-USA) Leaders' Virtual Summit

## પ્રથમ I2U2 (ભારત-ઈઝરાયલ-યુએઈ-યુએસએ) નેતાઓનું વર્ચ્યુઅલ શિખર સંમેલન

12 જુલાઈ, 2022

ભારતનાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી, ઈઝરાયલનાં વડાપ્રધાન યાઈર લાપિડ, યુએઈનાં રાષ્ટ્રપતિ શેખ મોહમદ બિન ઝાયેદ અલ નાહયાન અને યુએસએનાં રાષ્ટ્રપતિ જોસેફ આર. બિડેન સાથે I2U2 શિખર સંમેલનમાં ભાગ લેશે. પ્રથમ I2U2 નેતાઓનું શિખર સંમેલન 14 જુલાઈ 2022 નાં રોજ વર્ચ્યુઅલી યોજવામાં આવશે. 18 ઓક્ટોબર 2021 નાં રોજ યોજવામાં આવેલ ચાર દેશોનાં વિદેશ મંત્રીઓની મીટિંગ દરમિયાન I2U2 જૂથનો વિચાર કરવામાં આવ્યો હતો. સહકારનાં સંભવિત ક્ષેત્રોની ચર્ચા કરવા માટે દરેક દેશ શેરપા-સ્તરનાં સંવાદો પણ નિયમિત રીતે ધરાવે છે.

2. I2U2 નો ધ્યેય છ પરસ્પર ઓળખ કરવામાં આવેલા જળ, ઊર્જા, પરિવહન, અવકાશ, આરોગ્ય અને અન્ન સુરક્ષા જેવા ક્ષેત્રોમાં સંયુક્ત રોકાણોને પ્રોત્સાહન આપવાનો છે. તેનો નિર્ધાર ખાનગી ક્ષેત્રનાં નાણા અને નિપુણતાનો ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું આધુનિકિરણ, આપણા ઉદ્યોગો માટે નિમ્ન કાર્બન વિકાસનાં માર્ગો, જાહેર આરોગ્ય સુધારણા કરવા અને અતિ મહત્વની ઉદ્ભવી રહેલી અને ગ્રીન ટેકનોલોજીઓનાં વિકાસનો પ્રચાર કરવા માટે મદદ કરવા ઉપયોગ કરવાનો છે.

3. આ નેતાઓ I2U2 ફ્રેમવર્કની અંદર સંભવિત સંયુક્ત પરિયોજનાઓની ચર્ચા કરશે તેમજ આપણા સંબંધિત પ્રાંતોમાં અને અન્યત્ર વ્યાપાર અને રોકાણમાં આર્થિક ભાગીદારી મજબૂત કરવા પરસ્પર હિતનાં અન્ય સામાન્ય ક્ષેત્રોની ચર્ચા કરશે. આ પરિયોજનાઓ આર્થિક સહકાર માટે મોડેલ તરીકે કામ કરી શકે છે અને આપણા વ્યાપારીઓ અને કર્મચારીઓ માટે તકો ઑફર કરી શકે છે.

**નવી દિલ્હી**
**12 જુલાઈ, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.